# ચાલો, ઘર ઘર રમીએ...

## -ડૉ. નીલેશ રાણા

(1)

ચાલો, ઘર ઘર રમીએ...
એકબીજાથી થઈ અજાણ્યાં: એકમેકને ગમીએ.
હું લાવીશ ચોખાનો દાણો, તું દાળનો દાણો,
સોનલવરણી રેતી ઉપર સરતાં રહે વહાણો,
અહીંયાં આપણે રહીએ તોયે જગ આખામાં ભમીએ,
ચાલો ઘર ઘર રમીએ...

વયનાં વસ્ત્રો સરી પડશે ને થઈશું નાનાં અમથાં,
આપણને પણ ખબર પડે નહીં, કેમ એકમેકને ગમતાં !
રમતાં રમતાં, એકમેકમાં એવાં તો વીરમીએ,
ચાલો, ઘર ઘર રમીએ...

આપણા ઘરની આસપાસ એક સાવ નીરાળો બાગ,
એમાં એક જ મોસમ કેવળ ફાગ, ફાગ ને ફાગ,
વારે વારે વર-વહુ થઈને, પળપળ અહો પરણીએ,
ચાલો, ઘર ઘર રમીએ...

(2)

અડકું ઝાકળને, દીલમાં દુ:ખ થાય,
ભીનો એક ચહેરો એમાં લોપાય.
રેતીમાં સુનાં પગલાંની સાથે,
સમન્દરનાં મોજાંઓ વાતું કરે.
ચાલ મારી સાથે, સાંભળ એ પાગલ,
ચાલતાં ચરણને તું શાને રડે ?
પળ એક પ્રતીબીમ્બને અડવાનું સાહસ,
જીવનભર માટે આંખો છેતરાય,
સમયના નહોરો, અસ્તીત્વનાં ચીથરાં,
માનવની પોકળતા અંદર સડે.
ફુટે એક સરવાણી અંતરની કુખમાં,

સાથ જાણીતું સ્મીત આંખોમાં ભળે,
પીળી શી પાંદમાં હસતી વસંત,
છાનું છુપું કોઈ નામ કોતરાય.

(3)

કાળમીંઢ શીલા, તુટે મોજાં હરોળ;
જાણે શંકર માથે દુધ-છોળ.
સી-ગલની પાંખોમાં ઉંઘે આકાશ,
તારી આંખોમાં જાગે અવકાશ.
પગલાંને મારાં તુજ ચરણોની છાંવ મળે,
તો આવે દરીયાને થોડી હાશ !
રેતીના પાલવમાં નામ લખું ગમતું,
ને તર્જનીમાં ફુટે વંટોળ.
ઉંચી ઉંડાણ કાજ આપેલા વાયરા,
મેં ભીના શ્વાસોનો ભાર માંડ ઝાલ્યો.
સાતે દરીયાઓ તારા ભડકે બળે,
મારી આંખે અષાઢ ફુલ્યો ફાલ્યો.
રેતીમાં ચેતીને ચાલતાં કીનારે,
ચીખે પડછાયા ભીના તરબોળ.

(4)

મંજીલ મંજીલ રટણ કર્યું ને મેં તો રસ્તા ખોયા,
ખોટ હતી શું મારી નજરમાં,
મેં મધ્યાહ્ને સુરજ ડુબતા જોયા.
પડછાયામાં વાંચ્યો વીસામો, વાંચી દીશા પગલાંમાં,
શાને બળી ગઈ એક ચીનગારી, સમજણના ઢગલામાં,
ઝરમર શ્રાવણનાં આંસુમાં હીમનાં સપનાં ધોયાં.
ઓળખનાં ઝાકળમાં સળગ્યાં મેઘધનુ આશાનાં,
જીવન ચોપાટે પાવન પગલાં શકુની પાસાના,
હસતા માણસના ખોળામાં માથું મુકી રોયા.

(5)

લાગે છે હવે આંખ મીંચી દઉં,

પછી સ્વપ્ન કદી છટકે નહીં.
હવાની કબરમાં ક્યાં લગી ગુંગળાવું ?
છુટે બંધન... નીરાંત કાયમની !
રચે રાસવંટોળ - અપેક્ષાના,
અને સજા ભોગવી રહ્યા શબ્દો,
આકાર બી ભીંસતા સમ્બન્ધો,
મુંઝાતી શબ્દોની બારાખડી.
દૃષ્ટીથી સળગી ઉઠતી સૃષ્ટી,
તો પછી બીજની કુખમાં સુતેલા
વૃક્ષને ઢંઢોળવાનું સાહસ શાને ?
'મહાભીનીષ્ક્રમણ'ની યોગ્યતા
સમ્ભવીત નથી.
'સામાન્ય બનીને રહેવું'-ની
સરળતા કોઠે પડી જતી,
સમસ્ત વીકસતું મારું,
ધરબી દઉં મારામાં જ,
ન શરુઆત... ન અન્ત...!
હું જ સતત અને નહીં પણ,
જો આંખ મીંચી દઉં,
બસ !

(6)

અરીસાએ આજ દીધી તાળી,
જ્યારે નજરોને માંડ લીધી વાળી.
કાંઠાઓ થઈને ઉભો અરીસો,
એમાં વર્ષો અખંડ વહેવાનું.
વાસંતી વાયરાઓ ઝુલાવે દર્પણમાં,
ખાલી પાનખરના શ્વાસો સહેવાનું.
છલકાતી તૃષ્ણાને નયનોમાં ભાળી,
ત્યારે નજરોને માંડ લીધી વાળી.
દર્પણની ડાળે પ્રતીબીમ્બો ટહુકે,
વૃક્ષ આછેરું મુજમાં શરમાતું,
ઘુંઘટ ખોલીને દર્પણમાં કોઈ,

જોયું સંધ્યાએ રાગ લલીત ગાતું.
વાત છાની રાખી છે સંભાળી,
જ્યારે નજરોને માંડ લીધી વાળી.

(7)

## હીમવર્ષા

ધવલ આભ, ધવલ હવા, ધવલ ધવલ છે ધરતી,
હીમવર્ષાના ઘુંઘટમાં, પળપળ નીશારાણી ખરતી.
વેરાયો છે ચન્દ્ર ધરા પર આજે લાખો કટકે,
કે ચાંદી સમ યાદો તારી, મારે આંગણ ભટકે.
વૃક્ષો આજે વૃદ્ધ થયાં, ડાળો થઈ ગઈ ધોળી,
કે નજરોના આસવમાં, કોઈ ગયું ચાંદની ઘોળી !
આજ હીમાલય પીગળીને બનતો દુધીયો સાગર,
કે ગોકુળમાં છલકાતી ગોપીની ગોરસ ગાગર !
સ્તનપાન કરી હસતાં બાળકના હોઠે દુધની ઝાંઈ,
કે પ્રીયે, તારા સ્મીત કેરી હરખાતી પરછાંઈ !
કૃષ્ણ આભેથી ઉતરી, રાધારાણી રાસ રમે
અહો ભાગ્ય ! અલૌકીક દૃશ્ય, કહો હવે શું ગમે ?

(8)

આજ મને વાગી ગઈ ધુમ્મસની ધાર,
તોય મને દેખાતું બધું આરપાર !
સ્થળને ને જળને મેં વ્હેરાતાં જોયાં,
ને જોઈ લીધું પળપળનું તળીયું,
ગોપી એક સંગોપી બેઠી છે ક્યારની,
વ્હાલમનું વૃન્દાવન ફળીયું.
મારા હોવાની ભાવના - સમ્ભાવનાથી,
આપું નીરાકારને હુંયે આકાર,
વ્હાલમના વાઘાનું લીલામ કદી થાય નહીં,
ને મોરપીંછનાં મુલ નહીં અંકાય,
વાંસળીના સુરને ઝીલવા હું જાઉં,

ત્યાં યમુનાનાં વહેણ આ વંકાય.
તારી ભુજામાં હું ભીંજાતી, ભુંસાતી,
હવે જોઈએ નહીં કોઈનો આધાર.
આજ મને વાગી ગઈ ધુમ્મસની ધાર...

**–ડૉ. નીલેશ રાણા**


સમ્પર્ક:
Dr.Nilesh Rana
1531- Buck Creek Dr., Yardley, PA 19067 USA- Phone: 609-977-3398,
eMail: ncrana@hotmail.com


સર્જકનાં પ્રકાશીત પુસ્તકો: વાર્તાસંગ્રહ: 'અનામિકા' – નવલકથા: 'વર્તુળના ખૂણા', 'પૉઈન્ટ ઓફ નો રિટર્ન', 'આકાશકંપ' – લઘુનવલ: 'જીવનનાં વહેતાં વારિ', 'પ્રીત, પ્રિતમ અને પ્રીતિ', 'બન્ધનમુક્તિ'... પુસ્તકો મેળવવા ડૉ. નીલેશભાઈનો સમ્પર્ક કરવો.. સર્જકશ્રીની રચનાઓ ગુજરાતીનાં મોટાં ભાગનાં સાહીત્ય–સામયીકોમાં પ્રસીદ્ધ થતી રહે છે..

('**સન્ડે–ઈ–મહેફીલ**'ના આ અંકના અતીથી સંપાદક અને સંકલનકાર ન્યુ જર્સી–અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ **શ્રી હરનીશ જાની** (harnish5@yahoo.com)નો ખુબ ખુબ આભાર...... **બળવન્ત પટેલ – ઉત્તમ ગજ્જર**)


'સન્ડે ઈ–મહેફીલ' – 'વર્ષ: છઠ્ઠું – અંક: 213 –March 13, 2011
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com


(●)(♦)(●)


**Earlier Articles of all 'Sunday eMahefil's can easily be downloaded from our website:**
**http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM**

(♦)(●)(♦)(●)(♦)

**More than 68,00,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 6,90,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,00,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

**You too are invited to visit Gujaratilexicon with a new interface.**


(●)(♦)(●)(♦)(●)(♦)(●)